

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-04, ISSUE- 04,(SURAT), DATE-24/06/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૪, અંક-૦૧, (સુરત), તા.૨૪/૦૬/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.




2 ભાવનગર ખાતે ત્રીશક્તિ આર્ટ આયોજિત પ્રદર્શન ખુલ્લુ મુકાયું

3 ૧૦ વેબસાઇટ પરથી સાબુ મંગાવ્યા, તમામે ડુપ્લિકેટ મોકલ્યો

4 શ્રી સાઇ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૬૫ મો આઇ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું


## સુરત ગુરુકુલમાં દેવકૃષ્ણદાસજી સ્વામીનું સ્વાગત

# નંદ સંતો રચિત 33 રાસ ધરાવતા અલ્બમનું વિમોચન, દેવકૃષ્ણદાસજી સ્વામીએ કહ્યું- સંસ્કૃતિની પુષ્ટિ માટે સંતો સદાય કાર્યરત





સુરત- સુરત સ્વામિનારાયણ ગુરુકુલ ખાતે રાજકોટ સંસ્થાનની દેશ-વિદેશની ૬૭ શાખાઓના અધ્યક્ષ દેવકૃષ્ણદાસજી સ્વામીની પધરામણી થતા સમગ્ર પરિસરમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો. ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંબોધતા તેઓએ જણાવ્યું હતું કે, ગુરુકુલ અને તેના સંતો ક્યારેય પોતાના સ્વાર્થપૂર્તિ કે સ્વાર્થ પુષ્ટિ માટે કાર્ય કરતા નથી, પરંતુ તેઓ સદા ભારતીય સંસ્કૃતિની પુષ્ટિ અને રક્ષા માટે જ સતત કાર્યરત રહે છે.

યુવા પેઢીને જીવનનો સાચો રાહ ચિંધતા દેવકૃષ્ણદાસજી સ્વામીએ માર્ગદર્શન આપ્યું હતું કે, બાળપણમાં ઉત્તમ વિદ્યા મેળવવી જોઈએ અને યુવાવસ્થામાં પ્રગતિ કરીને ધન કમાવવું જોઈએ. પરંતુ એ ખાસ ધ્યાનમાં રાખવું કે તે ધન કોઈની આંતરડી દુભાવીને, અન્યાય કે અનીતિના માર્ગે મેળવેલું ન હોવું જોઈએ. આજકાલના સમયમાં જલ્દી ધનવાન બની જવા માટે લોકો ટૂંકા રસ્તા અપનાવે છે, પરંતુ યુવાનોએ ક્યારેય પણ ફ્રોડ કરતા શીખવું ન જોઈએ કે આવા કોઈ ખોટા કૃત્યોમાં ફસાવવું જોઈએ નહીં.

ભવ્ય સ્વાગત પૂજન અને નૃત્ય મહોત્સવ દેવકૃષ્ણદાસજી સ્વામી સુરત ગુરુકુલમાં પધારતા જ ત્યાંના પૂર્વ વિદ્યાર્થીઓએ તેમનું હર્ષોલ્લાસ સાથે સ્વાગત કર્યું હતું. રાત્રિના સમયે ગુરુકુલ પરિસરમાં વિશેષ સ્વાગત પૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેઓએ ઠાકોરજીનું વિધિવત પૂજન અર્ચન કર્યું હતું.

આ પ્રસંગે મહંત ધર્મવલ્લભદાસજી સ્વામી, પ્રભુ સ્વામી, શ્વેત સ્વામી અને ભક્તિતનય સ્વામી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ વિદ્યાર્થીઓ જેવા કે લાલજીભાઈ પટેલ, ધીરુભાઈ કોટડીયા, કાલજીભાઈ તોરી અને શિવલાલભાઈ પાંભર વગેરેએ સ્વામીજીને હાર પહેરાવી આશીર્વાદ લીધા હતા. આ સાથે જ નાના બાળકોએ મનમોહક સ્વાગત નૃત્ય રજૂ કરીને સૌ કોઈના દિલ જીતી લીધા હતા. આ ઉત્સવ દરમિયાન પુરાણી અક્ષરપ્રિયદાસજી સ્વામી, પ્રભુ સ્વામી તેમજ મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામીએ પ્રાસંગિક ઉદબોધન આપ્યા હતા.

૨૦૦ વર્ષ જૂના રાસ આલ્બમનું વિમોચન સમારોહના પૂર્ણાહુતિના ભાગરૂપે ગુરુકુલના ૮૦ બાળ અને યુવા કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ૧૨મે રાસ પિયા ઘનશ્યામ ઓડિયો-વીડિયો આલ્બમનું ભવ્ય વિમોચન મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીએ દેવકૃષ્ણદાસજી સ્વામીના વરદહસ્તે કરાવ્યું હતું.

આ આલ્બમની વિશેષતા એ છે કે તેમાં ૨૦૦ વર્ષ પહેલાં નંદ સંતો દ્વારા રચાયેલા 33 મનમોહક અને પરંપરાગત રાસ-નૃત્યોનો સમાવેશ કરાયો છે. આ આખો શો એક કલાકનો છે. આ અદ્ભુત આલ્બમને ખૂબ જ મહેનતથી તૈયાર કરનાર વિશ્વરૂપદાસજી સ્વામી તથા વિવેક સ્વામી ઉપર સ્વામીજીએ પ્રસન્ન થઈને દિવ્ય આશીર્વાદ વર્ષાવ્યા હતા.

Yoga for Healthy Ageing' નાં સંદેશ સાથે

## બારડોલી ૧૮૧ મહિલા હેલ્પલાઇનની ટીમ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી





**બારડોલી-** આ વર્ષની ' યોગા for Healthy Ageing' નાં સંદેશને ધ્યાનમાં રાખી કાર્યક્રમ નો મુખ્ય ઉદેશ્ય યોગ નાં મહત્વને સમજી તે અંગે જાગૃતિ ફેલાવવાનો તેમજ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે લોકોને પ્રેરિત કરવાનો છે.

કાર્યક્રમ દરમ્યાન બારડોલી ૧૮૧ ટીમનાં કાઉન્સેલર તૃપ્તિ પટેલ અને તેમની ટીમ દ્વારા બારડોલી નવચેતન કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ સાથે વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી..યોગ નાં કાર્યક્રમ દરમ્યાન વિવિધ આસાન, પ્રાણાયામ અને ધ્યાન વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું..યોગ દ્વારા જીવનમાં શિસ્ત, સકારાત્મક વિચારસરણી અને શારીરિક માનસિક રીતે તંદુરસ્ત શરીર સાથે એક તણાવમુક્ત જીવન શૈલી બની રહે એવો સંદેશ પાઠવવામાં આવ્યો હતો.

આમ અભયમ ટીમ દ્વારા યોગ નું આપણા જીવનમાં ખાસ મહત્વ સાથે સાથે અભયમ મહિલા હેલ્પલાઇન વિશે પણ છાત્રાલય ની વિદ્યાર્થીનીઓને માહિતી આપી માહિતગાર કરવામાં આવેલ.






## માંડવી નગરપાલિકા દ્વારા રિવરફ્રન્ટ ખાતે વિશ્વ યોગ દિનની ઉજવણી કરાઇ



**માંડવી,** તા. ૨૨ માંડવી નગરના સૂર્યપુત્રી તાપી નદી પટાંગણમાં રીવર ફ્રન્ટ ખાતે સાંસદ પ્રભુભાઈ વસાવાની ઉપસ્થિતિમાં વિશ્વ યોગા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજય યોગ બોર્ડના અંજલીબેન દ્વારા પ્રેક્ટીકલ યોગ તથા પ્રાણાયામ અને મેડીટેશન કરાવવામાં આવ્યું હતું. વડાપ્રધાન મોદીના પ.બંગાળના કાર્યક્રમનું લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

વસાવા, જિલ્લા ભાજપ મહામંત્રી જગદીશ પારેખ, માંડવી પ્રાંત અધિકારી કૌશિક જાદવ, મામલતદાર જયપ્રકાશ મિસ્ત્રી, ટીડીઓ રાજેન્દ્રસિંહ પરમાર, સીઓ જયેશ વળવી, નગર ભાજપ પ્રમુખ પ્રિતેશ રાવળ, પાલિકા પ્રમુખ અમીશાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવિણસિંહ અટોદરીયા, કારોબારી અધ્યક્ષ સુનિલ રબારી સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ, સ્કૂલોના બાળકો, સિનિયર સિટીઝનો તેમજ નગરજનો જોડાયા હતા.

## ઉકાઈ તાલુકા ભીમપુરા ગામે નિઃશુલ્ક આંખ નિદાન અને મોતિયાબિંદ કેમ્પ યોજાયો



**કેમ્પનું ઉદ્ઘાટન ભીમપુરા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી અંજુબેન ગામીતના હસ્તે કરવામાં આવ્યું**

ઉકાઈ તાલુકાના ભીમપુરા ગામે તા. ૧૯ જૂન, ૨૦૨૬ના રોજ સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન અને દિવ્યજયોતિ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિ:શુલ્ક આંખ નિદાન અને મોતિયાબિંદ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પનું ઉદ્ઘાટન ભીમપુરા ગ્રામ પંચાયતના સરપંચ શ્રીમતી અંજુબેન ગામીતના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના હેડ મધુકર વર્મા, જીતેન્દ્ર પાલ અને જે.કે.પેપરના કોમર્શિયલ હેડ યોગેશ ચૌહાણ, રાજન ઠાકોર, અને નિલેશ ઉપાસની સાહેબ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કેમ્પ દરમિયાન ગ્રામજનોની નિ:શુલ્ક આંખ તપાસ કરવામાં આવી હતી. મોતિયાબિંદ સહિત વિવિધ આંખના રોગોથી પીડિત દર્દીઓને જરૂરી માર્ગદર્શન આપી વધુ સારવાર માટે રેફર કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનોએ કેમ્પનો લાભ લીધો હતો.

આ પ્રસંગે મહાનુભાવોએ આંખોના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાની સાથે નિયમિત તપાસ અને સમયસર સારવારના મહત્વ પર ભાર મૂક્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચાડવાના પ્રયાસરૂપે આ કેમ્પ સફળ સાબિત થયો હતો.

## વન વિભાગના કર્મચારીઓ પર હુમલાના કેસમાં AAP ધારાસભ્ય ચૈતર વસાવા સહિત ૮ આરોપીઓને ૭ વર્ષની સજા



ડેડીયાપાડા જંગલ જમીન વિવાદ કેસમાં નર્મદા સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમની પત્ની સહિત કુલ આઠ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. આ કેસ છેલ્લા ત્રણ વર્ષથી ચર્ચામાં રહ્યો હતો.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા જંગલ જમીન વિવાદ મામલે ચૈતર વસાવા સહિત તેમના પરિવાર પર આરોપ હતો કે તેમણે વન વિભાગના કર્મચારીઓ પર હુમલો કર્યો હતો જે મુદ્દે નર્મદા સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે આમ આદમી પાર્ટી ના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમની પત્ની સહિત કુલ આઠ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે અને આ આઠે આરોપીઓને ૭ વર્ષની સજા ફટકારવામાં આવી છે. આર્મ્સ એક્ટની કલમ હેઠળ સખત સજાનું કોર્ટે એલાન કર્યું છે.

ઓક્ટોબર ૨૦૨૩ માં નર્મદા જિલ્લાના ડેડીયાપાડા વિસ્તારમાં જંગલ ખાતાની જમીનને લઈને વિવાદ ઉભો થયો હતો. આરોપ હતો કે અમુક પ્રભાવશાળી લોકોએ જંગલની જમીન પર ગેરકાયદે કબજો જમાવ્યો હતો. આ અંગે જાણ થતાં વન વિભાગના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા અને કાર્યવાહી અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન જમીન પર ખેડાણના મુદ્દે અધિકારીઓ અને ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા તથા તેમના સમર્થકો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી.

અધિકારીઓએ ધારાસભ્ય અને તેમના સંબંધીઓ પર વનવિભાગના આધિકારી સાથે ગેરવર્તણૂક કરીને હુમલો કરવાનો આરોપ મૂક્યો હતો, જેના પગલે ડેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ત્યારબાદ કેસ કોર્ટમાં પહોંચ્યો હતો. મે ૨૦૨૬ માં ગુજરાત હાઈકોર્ટે ચૈતર વસાવાની અરજી ફગાવી દીધી હતી તેમજ બચાવ પક્ષના સાક્ષીઓની વધુ તપાસ કરવાની માંગ પણ નામંજૂર કરી હતી, સાથે જ હાઈકોર્ટે નીચલી કોર્ટને ટ્રાયલ ઝડપથી પૂર્ણ કરવાનો આદેશ આપ્યો હતો. લાંબી કાનૂની પ્રક્રિયા બાદ હવે નર્મદા સેશન્સ કોર્ટે ચૈતર વસાવા તેમની પત્ની અને અન્ય આઠ આરોપીઓને દોષિત જાહેર કર્યા છે.




PAGE -02

Date- 24/06/2026 Wednesday

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## વીર મહારાણા પ્રતાપ જયંતીઃ વાપીમાં વિશાળ રક્તદાન શિબિર સંપન્ન

# મિશન ૧૦૮-અંતર્ગત યુવાઓએ કર્યું રેકોર્ડબ્રેક રક્તદાન









**વાપી-** રાષ્ટ્ર ગૌરવ, વીર શિરોમણી હિન્દુ સૂર્ય શ્રી મહારાણા પ્રતાપ સિંહજીની જયંતી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ મહારાષ્ટ્ર ક્ષત્રિય રાજપૂત સંગઠન (વાપી, દમણ, સેલવાસ અને ભિલાડ) દ્વારા એક ભવ્ય અને વિશાળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાપીના ચણોદ સ્થિત 'સન સિગ્નેચર ક્લબ હાઉસ' (હરિયા પાર્ક સામે) ખાતે આયોજિત આ શિબિરમાં સ્થાનિક યુવાનો અને મહિલાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે કુલ ૧૦૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

**'મિશન ૧૦૮' અને અનિલભાઈ રાજપૂતને અનોખું સમર્પણ-**

સંગઠનના પ્રમુખ રવિન્દ્ર સિંહ ગિરાસેએ જણાવ્યું હતું કે, આ વખતની શિબિરનું મુખ્ય આકર્ષણ 'આયોજન ૧૦૮ અને ટાર્ગેટ ૧૦૮'નું અનોખું સ્લોગન રહ્યું હતું.

આ લક્ષ્યાંક સંગઠનના સમર્પિત કાર્યકર્તા અનિલભાઈ રાજપૂતના સેવાભાવને સમર્પિત કરવામાં આવ્યો હતો, જેમને સમાજમાં ઈમરજન્સી સેવાઓ માટે '૧૦૮' તરીકે ઓળખવામાં આવે છે.

**મુખ્ય અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્ય સાથે શુભારંભ**

કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિઓ દ્વારા વીર મહારાણા પ્રતાપની પ્રતિમા પર માલ્યાર્પણ, પૂજન અને દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ ગરિમાપૂર્ણ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકેઃ

ડુંગરા પોલીસ સ્ટેશનના પીઆઇ બી. એન. ગોહિલ (ગોયલ), વાપી નગરપાલિકાના ચેરમેન સતીષ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રભારી શિલ્પેશ દેસાઈ, સન સિગ્નેચર ક્રિએટરના ડાયરેક્ટર નિતિન ભાનુશાલી અને અજીત ભાનુશાલી, ભાજપના સક્રિય સભ્ય મહેશ પટેલ, કરણી સેના પરિવારના






જિલ્લા પ્રમુખ ગજેન્દ્રસિંહ શેખાવત, ઉત્તર ભારતીય ક્ષત્રિય સમાજ સંઘમાંથી જી. બી. ઠાકુર, શૈલેન્દ્રસિંહ અને ઓમકારસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત સામાજિક કાર્યકર ઉદય ધોરપડે, મહારાષ્ટ્ર એકતા મંચના મુરલીધર પાટીલ, કુણાલસિંહ સોલંકી (નરોલી), કિશોરસિંહ સોલંકી (બોરીગામ-કચીગામ) સહિત વાપી, દમણ અને સેલવાસ ક્ષેત્રના અનેક અગ્રણીઓ અને સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, જેમનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રથમ વખત રક્તદાન કરતી મહિલાઓ અને ૫૦મી વાર રક્તદાન કરનાર રક્તદાતા બન્યા આકર્ષણનું કેન્દ્ર આ શિબિરમાં પ્રથમ વખત રક્તદાન કરનારા યુવાનો અને મહિલાઓની સંખ્યા ઘણી મોટી હતી. આ દરમિયાન એક ૫૧ વર્ષીય રક્તદાતાએ પોતાના જીવનનું ૫૦ મું (હાફ સેન્ચુરી) રક્તદાન કરીને નવી પેઢી સામે પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

પ્રથમ વખત રક્તદાન કરનાર એક યુવતીએ પોતાનો અનુભવ શેર કરતા જણાવ્યુંઃ 'નવી પેઢીના યુવાનોએ આ અનુભવ ચોક્કસ લેવો જોઈએ. આનાથી માત્ર આત્મિક સંતોષ જ નથી મળતો, પરંતુ કોઈનો જીવ બચાવવામાં પણ તે મદદરૂપ સાબિત થાય છે.'

**અન્ય એક મહિલા રક્તદાતાએ સંદેશ આપ્યોઃ** 'રક્તદાન એ મહાદાન છે. લોહી કોઈ ફેક્ટરીમાં બનતું નથી, તે માત્ર મનુષ્યો દ્વારા જ એકબીજાના કામમાં આવી શકે છે. આનાથી શરીરમાં કોઈ નબળાઈ આવતી નથી.'

**જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક લોહી પૂરું પાડવામાં આવશે.**

આ સમગ્ર રક્તદાન શિબિર માનવ આરોગ્ય સેવા કેન્દ્ર, કિલ્લા પારડી બ્લડ બેંકની ડોક્ટર્સની ટીમની ટેકનિકલ મદદથી સંપન્ન થઈ હતી. બ્લડ બેંકના મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, એકત્ર કરાયેલું લોહી વલસાડ સિવિલ હોસ્પિટલ, નમો હોસ્પિટલ (સેલવાસ) સહિત આસપાસના ગ્રામીણ વિસ્તારોના જરૂરિયાતમંદ દર્દીઓને કટોકટીની સ્થિતિમાં નિઃશુલ્ક અથવા રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**રક્તદાતાઓનું સન્માન અને આભાર દર્શન-**

કાર્યક્રમને સફળ બનાવવામાં મહારાષ્ટ્ર ક્ષત્રિય રાજપૂત સંઘના તમામ કાર્યકરો અને હોદ્દેદારોનું વિશેષ યોગદાન રહ્યું હતું. કાર્યક્રમના અંતમાં તમામ રક્તદાતાઓ અને અતિથિઓને સ્મૃતિ ચિન્હ (ટ્રોફી) અને બુકે આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સંગઠને વાપી, દમણ, ભિલાડ અને સેલવાસના તમામ રહેવાસીઓનો આભાર વ્યક્ત કર્યો હતો અને ભવિષ્યમાં પણ આવા જનકલ્યાણના કાર્યોમાં સહભાગી થવાની અપીલ કરી હતી.

---

# ભાવનગર ખાતે ત્રીશક્તિ આર્ટ આયોજિત પ્રદર્શન ખુલ્લુ મુકાયું




**ભાવનગર-** ભાવનગરના સરદાર નગર ખાતે આવેલી ખોડીદાસ પરમાર ૮ ગેલેરીમાં આજરોજ શ્રી શક્તિ ૮ આયોજિત ભારતભરના ૭૫ જેટલા ચિત્ર અને ફોટોગ્રાફરનો પ્રદર્શન ખુલ્લું મુકાયું.

આ પ્રદર્શન ભાવનગરના મેયર શ્રી ઉષાબેન તલરેજાના હસ્તે ખુલ્લુ મુકાયું આ પ્રસંગે અમુલ પરમાર, હિમાચલ મહેતા, જાદુગર મંગલ , જાદુગર યુવરાજ, તેમજ અજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા , આ પ્રસંગે મુખ્ય મહેમાન મેયરશ્રી એ ત્રીશક્તિના આયોજક પ્રિયાબા જાડેજા તેમજ નમ્રતાબા ગોહિલને બિરદાવ્યા હતા કાર્યક્રમનું સંચાલન સ્નેહલ ત્રિવેદી એ કર્યું હતું આ પ્રદર્શન તા.૧૯/૨૦/૨૧ ના રોજ સવારે ૧૦થી૮ સુધી ખુલ્લું રહેશે.

## નબળા ચોમાસાથી મોંઘવારી ભડકે બળશે : આરબીઆઇ



મુંબઇ : નબળું દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ડોમેસ્ટિક ગ્રોથ અને મોંઘવારીનાં અંદાજ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે તેમ રિઝર્વ બેંકનાં બુલેટિનમાં સોમવારે જણાવવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે બીજી તરફ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ હજુ પણ અનિશ્ચિત બનેલી છે.

જૂનનાં બુલેટિનમાં અર્થતંત્રની સ્થિતિ પર છપાયેલા એક લેખમાં જણાવવામાં આવ્યું છે કે પશ્ચિમ એશિયામાં તાજેતરની વચગાળાની શાંતિ સમજૂતી છતાં જિયોપોલિટિકલ તંગદિલી અને વેપારમાં અવરોધો બનેલા છે.

આર્ટિકલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા-ઇરાનની વચ્ચે વચગાળાની શાંતિ સમજૂતીથી થોડીક રાહત મળ્યા પછી પણ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ નાજુક બનેલી છે.

તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો આ સમજૂતી તૂટશે તો મોંઘવારીમાં વધારો, જરૂરી એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવરોધ, રોકાણ ખર્ચમાં વિલંબ, ફૂડ સિક્યુરિટીની ચિંતાઓ, નાણાકીય સ્થિરતા પર ખરાબ અસર જેવા મોટા જોખમ ફરીથી પેદા થઇ શકે છે.

મુશ્કેલ વૈશ્વિક વાતાવરણની વચ્ચે ખાનગી ખર્ચ અને ફિક્સ્ડ રોકાણનાં જોરે ભારતીય અર્થતંત્ર ૨૦૨૫-૨૬નાં ચોથા ક્વાર્ટરમાં ૭.૮ ટકાનાં દરે વધ્યું છે. શરૂઆતનાં બે મહિનાનાં હાઇ ફ્રિકવન્સી ઇન્ડિકેટર ૨૦૨૬-૨૭માં પણ અર્થતંત્રની ઝડપ બની રહેવાનાં સંકેત આપે છે. મેમાં વધારો છતાં કન્ઝ્યુમર

---

## રિઝલ્ટથી અસંતુષ્ટ વિદ્યાર્થીઓ હવે પોતે જોઈ શકશે આન્સરશીટ! બોર્ડની પરીક્ષા અંગે પહેલીવાર આવો નિર્ણય




**જે વિદ્યાર્થીઓ પરિણામ બાદ આન્સર શીટ વેરિફિકેશન માટે અરજી કરે છે અને જો તેમાં કોઈ ફેરફાર ન થાય એટલે કે 'પુનઃમૂલ્યાંકન' રિઝલ્ટ આવે**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા બોર્ડ પરીક્ષાના પરિણામોના રી-વેલ્યુએશન (પુનઃમૂલ્યાંકન) અને વેરિફિકેશનની પ્રક્રિયામાં એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ફેરફાર કરવામાં આવ્યો છે. આ નવા નિયમ અંતર્ગત, જે વિદ્યાર્થીઓ પરિણામ બાદ આન્સર શીટ વેરિફિકેશન માટે અરજી કરે છે અને જો તેમાં કોઈ ફેરફાર ન થાય એટલે કે 'પુનઃમૂલ્યાંકન' રિઝલ્ટ આવે, તો પણ તેઓ પોતાની મૂલ્યાંકન કરાયેલી આન્સર શીટ રૂબરૂ જોઈ શકશે. બોર્ડ દ્વારા લેવાયેલો આ નિર્ણય એવા વિદ્યાર્થીઓ માટે એક મોટી તક સમાન છે જેઓ પોતાના માર્ક્સથી અસંતુષ્ટ છે અને બોર્ડના પરિણામોમાં વધુ સ્પષ્ટતા ઈચ્છે છે.

વેરિફિકેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ જો માર્ક્સમાં કોઈ સુધારો ન થાય, તો વિદ્યાર્થીઓ સીબીએસઈની રીજનલ ઓફિસ ખાતે જઈને પોતાની ઓરિજિનલ ઉત્તરવહીઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી શકશે. બોર્ડના ઇતિહાસમાં આ પ્રકારની વ્યવસ્થા પ્રથમ વખત દાખલ કરવામાં આવી છે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય મૂલ્યાંકન પ્રક્રિયાને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા સમયાંતરે ઉઠાવવામાં આવતી ચિંતાઓ અને આશંકાઓનું યોગ્ય નિવારણ કરવાનો છે.

અગાઉના નિયમો મુજબ, વિદ્યાર્થીઓ માત્ર માર્ક્સ વેરિફિકેશન અને રી-વેલ્યુએશન માટે ઓનલાઈન અરજી કરી શકતા હતા, પરંતુ પ્રક્રિયા પૂર્ણ થયા પછી ઉત્તરવહીઓ રૂબરૂ જોવાની કોઈ સત્તાવાર જોગવાઈ નહોતી. બોર્ડનું માનવું છે કે ફિઝિકલ ઇન્સ્પેક્શનની આ નવી સુવિધાથી બોર્ડની સમગ્ર મૂલ્યાંકન પ્રણાલી પ્રત્યે વિદ્યાર્થીઓનો વિશ્વાસ અને સંતોષ બંને વધશે. જો કે, આ નિરીક્ષણ પ્રક્રિયા કેવી રીતે કામ કરશે અને તેના માટે વિદ્યાર્થીઓએ શું કરવું પડશે, તે અંગેની વિગતવાર માર્ગદર્શિકા સીબીએસઇ દ્વારા ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવશે.

---

## રામ મંદિરમાં ચોરીઃકરોડો દેશવાસીઓની આસ્થા સાથે વિશ્વાસઘાત કરનારા કોણ છે?

### શુ મોટા માથા પકડાશે કે નાની માછલીઓને આગળ કરી દેવાશે?




રામમંદિરમાં દાનની ચોરી અને ચઢાવા ચોરી એ માત્ર કોઇ ચોરીનો મુદ્દો નથી, અસલમાં આ વિષય છે કરોડો હિંદુઓ, અને રામભક્તોની આસ્થા અને વિશ્વાસ સાથે કરવામાં આવેલા વિશ્વાસઘાત નો. કારણ કે આ રામમંદિરની સુરક્ષા એટલી જડબેસલાક છે કે ભાવિકો ત્યાં નાની પીન થી લઈને પેન પણ નથી લઈ જઈ શક્તા ત્યારે કરોડો રૂપિયા અને સોના-ચાંદીના કિમતી ભેટો અને આભૂષણો કેવી રીતે ગાયબ થઈ શકે તે સવાલ થવા પણ સ્વાભાવિક છે. કારણ કે મંદિર પરિસરમાં ૧૦૦૦ જેટલા ઈઈઝટ કેમેરા લગાવવામાં આવ્યા છે. જ્યાં દાનમાં મળેલા પૈસાની ગણતરી કરવામાં આવે છે એ રૂમ અને તેની આસપાસ ૧૫ થી ૨૦ સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે. જે ૪૦ દાનપેટીમાં ભક્તો પૈસા નાખે છે તેની આસપાસ પણ હાઈડેફિનેશન અને ૩૬૦ ડિગ્રી પર રેકોર્ડ કરનારા કેમેરા લગાવેલા છે. આટલી સુરક્ષા છતા ચોર આસાનીથી રૂપિયા અને દાગીનાની ચોરી કરી લે તે કેવી રીતે શક્ય છે તે મોટો સવાલ છે.

દેશ અને દુનિયાભરના કરોડો સનાતનીઓની આસ્થા જેની સાથે જોડાયેલી છે તે રામ મંદિરમાં ચોરી જેવી ઘટના બનશે તે ભાગ્યે જ કોઈએ વિચાર્યુ હશે. એ રામ મંદિર જેના માટે અનેક લોકોએ પ્રાણોની આહુતિ આપી દીધી. સૈકડો વર્ષો સુધી લડાઈઓ લડી, ૫૦૦ વર્ષ રામ જન્મભૂમિ પર મંદિર બનાવવાના એ સંકલ્પની જયોતને જલાવી રાખી, એ નિશ્ચયને ક્યારેય ડગવા ન દીધો અને જયારે અંતે ભક્તોની એ આસ્થાની જીત થઈ. સુપ્રીમ કોર્ટમાંથી રામમંદિર જન્મભૂમિ ટ્રસ્ટની તરફેણમાં ચુકાદો આવ્યો અને મંદિર બનાવવાનો માર્ગ મોકળો થયો. બે વર્ષમાં મંદિર બનીને તૈયાર થયુ. મંદિરમાં જયારે ભગવાન શ્રી રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની ઘડી આવી તો કરોડો સનાતનીઓએ હોંશે હોંશે ખુલ્લા હાથે દાન કર્યુ. દરેકે તેની શકિત અને ભકિત મુજબ મંદિર માટે કંઈ ને કંઈ દાન અને ભેટ ચડાવી હતી. એ ભેટ ચડાવતી વખતે ભાગ્યે જ કોઈ ભાવિકે વિચાર્યુ હશે કે તેના દ્વારા આપવામાં આવી રહેલા દાનની રકમની ચોરી થઈ જશે. તેના દ્વારા જે રામલલાને આભૂષણો ચડાવવામાં આવ્યા છે તેની લૂંટ થઈ જશે. કોઈ દાતાએ મંદિર નિર્માણ માટે સોનાની અને ચાંદીની ઈંટોનું દાન કર્યુ, કોઈએ સોનાના દીપકનુંદાન કર્યુ પરંતુ કેટલાક લાલચી લોકોએ ભક્તોની એ આસ્થા સાથે કુઠારાઘાત કર્યો અને એ કિમતી ચીજોની ચોરી કરી લીધી.

**દેશ અને દુનિયાભરના કરોડો સનાતનીઓની આસ્થા જેની સાથે જોડાયેલી છે તે રામ મંદિરમાં ચોરી જેવી ઘટના બનશે તે ભાગ્યે જ કોઈએ વિચાર્યુ હશે.**

Date- 24/06/2026 Wednesday

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### બાળકો માટે પુસ્તકો વાંચવા અને હાથેથી લખવું એ ડિજીટલ કરતા ફાયદાકારક છે!

દિમાગી સ્નાયુઓને પણ 'વર્કિંગ'માં રાખવા જોઈએ. એનું કામ જ ઓછું થાય, તો વિચારવા સમજવાની આખી પ્રક્રિયાની જ ગુણવત્તા ઘટી જાય.

જે નો બહુ પ્રયોગ થાય છે એ અમૃતકાળના ૨૦૪૭ની દુનિયા કેવી હશે, એના ઘણા અનુમાનો થઈ શકે. પણ એક નક્કર તારણ એવું છે કે આગામી ૨૫ વર્ષ પછી ભાગ્યે જ કોઈ કાગળ પેન લઈને લખતું હશે. હવે તો યાદી પણ સીધી મોબાઈલ નોટસમાં બનાવી લેવાય છે. ચિઠ્ઠીચપાટીને બદલે મેસેજીસ મોકલાય છે. પોકેટ ડાયરીઓ નવી પેઢીમાં ગાયબ થવા લાગી છે. ચબરખીઓ ચકલીઓની જેમ ફુર્રર્ર થવા લાગી છે.

ડેનેટલી, ડિજીટલ ઈઝ ઈઝી. ડિજીટલ ઇઝ સ્માર્ટ. એનો વિરોધ તો હોઈ જ ન શકે. પણ નોર્વે જેવા એજયુકેશનમાં એડવાન્સ્ડ દેશોમાં તો હવે પેપરલેસ ટ્રાન્ઝેક્શનની જેમ પેપરલેસ સ્કૂલ્સની તૈયારીઓ ધમધમે છે. ના દફતર, ના પુસ્તકો, ના નોટ્સ, ના પેન-પેન્સિલ-રબર. જસ્ટ ડિજીટલ ટેબ (આઇપેડ જેવું) જેવું સાધન જ વિદ્યાર્થીઓએ રાખવાનું. એમાં જ ટાઇપ કરી ક્લાસમાં ભણાવાય એના પોઈન્ટ્સ લખવાના, હોમવર્ક કરવાનું, એકઝામ પણ સેન્ટ્રલ કોમ્પ્યુટર સાથે કનેક્ટ થઈને એમાં દેવાની, અને રેફરન્સ માટેની ટેક્સ્ટ કે વિડીયો ટીચર એમાં ટ્રાન્સફર કરે !

આપણે ત્યાં ફટાફટ તગડી ફી સાથે આવું ડિજીટલ મોડલ ધરાવતી સ્કૂલનું સ્માર્ટ સ્કૂલ તરીકે માર્કેટિંગ થવા લાગે. પણ સાયન્સ તટસ્થભાવે એવું કહે છે કે આમાં વધુ સ્માર્ટ કરતા વધુ ડમ્બ થવાના ચાન્સીઝ છે ! ઓન્ટારિયા યુનિવર્સિટીના પ્રોફેસર શિવશંકર જેને 'કોગ્નેટિવ ઓફલોડિંગ' કહે છે, એને લીધે !

આવો શબ્દ વાંચવામાં ભારેખમ લાગ્યો હોય તો જરા એનું અમલીકરણ સમજાવીએ. માનવમગજ 'કોગ્નેટિવ ઓફલોડિંગ', ચીજો પકડવી આવી બધી સ્કિલ્સ તો ઘણા પશુપંખીઓ પણ ધરાવતા હોય. પણ માણસ 'હોશિયાર' સજીવ છે, કારણ કે એનું દિમાગ તેજસ્વી છે. એ અનેક બાબતોનું એકસાથે પેરેલલ પ્રોસેસિંગ કરી શકે છે, એના આધારે ઝડપી નિર્ણય લઈ શકે છે, અનુભવો કે વિગતો યાદ રાખી શકે છે તે બીજાને વ્હેંચી શકે છે. આમ જ એની 'બુદ્ધિ' ખીલી છે, અને એણે પ્રગતિ કરી છે.

પણ હવે ઉત્ક્રાંતિ ડિજીટલ ડિવાઇસ પૂરતી રિવર્સ ગીઅરમાં ચાલી છે. 'આપણે નકશો જોઈ અંદાજ લગાવવાને બદલે જીપીએસને નેવીનેશન સોંપી દઈએ છીએ. ઘણી બધી વિગતો લખી હોય તો વાંચીને યાદ રાખવાને બદલે એ બોર્ડ કે પેજનો ફોટો જ પાડી લઈએ છીએ. વોઇસ કમાન્ડથી ટાઇપ કરીએ છીએ. ઓડિયો સાંભળીને 'બૂક વાંચી' (?) લઈએ છીએ. અઘરી ગણતરીઓ ગૂગલ કે કેલ્ક્યુલેટરને સોંપી દઈએ છીએ. આ બધું આપણને આરામદાયક લાગે છે કારણ કે એમાં બ્રેઈનને ચેલેન્જ નથી !

ધિસ ઇઝ ઇમ્પોર્ટન્ટ. ડ્રાઇવરબસને કાર કે એઆઈના પડઘમ સંભળાય એવા યુગમાં તો ખાસ ! જેમ એદીબેઠાડું શરીરને કષ્ટ જ ના આપો, તો રોગો ઘટે નહિ પણ વધે. હરતાફરતા-કસરત કરતા દેહની તંદુરસ્તી સારી રહે, એમ જ દિમાગી સ્નાયુઓને પણ 'વર્કિંગ'માં રાખવા જોઈએ. એનું કામ જ ઓછું થાય, તો વિચારવા સમજવાની આખી પ્રક્રિયાની જ ગુણવત્તા ઘટી જાય. તરત ખ્યાલ ના આવે પણ લાંબા ગાળે બાળકનું મગજ ભણવામાં શીખવામાં એટલું એક્ટિવ ના રહે.પણ આવું તારણ એમ જ કાઢીએ, એ ય માન્યતા થઈ, બુદ્ધિના વિકાસે આપણને શીખવ્યું છે કે કોઈ પણ તારણ પર આવતા પહેલા આપણે પાક્કું સંશોધન કરવું જોઈએ. એના હાર્ડ એવિડન્સીઝ, યાને મજબૂત સબૂત એકઠા કરવા જોઈએ અને એની સર્વે માટે સેમ્પલ સાઇઝ મોટી રાખવી જોઈએ.

નોર્વેમાં એક રિસર્ચ ઓડ્રી વાન ડર મીર અને રૂડ વાન ડર વીલ નામના વિજ્ઞાનીઓની બેલડીએ શાળામાં અભ્યાસ કરતા બાળકોનો કર્યો. પૂછપરછ કે નિરીક્ષણ કરીને નહિ, પણ બ્રેઈનની એક્ટિવિટી માપતા સેન્સર્સ લગાડીને ! નોર્વેજીયન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (એનટીએનયુ)માં ૨૫૬ જેટલા સેન્સરો બાળકોને લગાડયા પછી જોયું કે જયારે બાળક પેન કે પેન્સિલ લઈને હાથેથી લખે છે, ત્યારે એના મગજના કેટલાય હિસ્સામાં ઝબકારા થાય છે ! પણ ટાઈપ કરે છે, ત્યારે બહુ ઓછા હિસ્સામાં ઝબકારા થાય છે ! મતલબ, બાળક ક્લાસમાં કે બીજે કશે સાંભળતા સાંભળતા ટાઈપ કરે છે, તો એ પ્રોસેસ મિકેનિકલ થઈ જાય છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●






સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## સુરત સ્વાગત કાર્યક્રમમાં ૧૧ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ:કલેક્ટર તેજસ પરમારે અધિકારીઓને સમયમર્યાદામાં ઉકેલ લાવવા સૂચના આપી

બારડોલી-રાજય સરકારના ફ્લેગશિપ કાર્યક્રમ 'સ્વાગત' હેઠળ સુરત જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મે મહિનાના પડતર પ્રશ્નો સહિત કુલ ૧૪ ફરિયાદોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. તેમાંથી ૧૧ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

કલેક્ટર પરમારે ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ નિરાકરણ ન પામેલા ૧૪ પ્રશ્નોને રૂબરૂ સાંભળ્યા હતા. સ્થળ પર ઉકેલાયેલા પ્રશ્નોમાં પ્રોપર્ટી કાર્ડ, સિંચાઈ, ગેરકાયદેસર દબાણ અને જમીન સંપાદન સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે. સ્વાગત કાર્યક્રમમાં ગેરકાયદેસર બાંધકામ, પાર્કિંગ દબાણ, ડ્રેનેજના પાણીનો નિકાલ, વરસાદી પાણીના નિકાલ, RTE હેઠળ એડમિશન અને NOC ન આપવા જેવી ફરિયાદો પણ રજૂ કરવામાં આવી હતી. અરજદારોના પ્રશ્નોનો સંતોષજનક નિકાલ કરવા માટે કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીઓને કામગીરીમાં કોઈ પણ વિલંબ વિના નિયત સમયમર્યાદામાં ઉકેલ લાવવા સૂચના આપી હતી.



જિલ્લા કલેક્ટર તેજસ પરમારે જણાવ્યું હતું કે, 'સ્વાગત' કાર્યક્રમ એ પ્રજાના અવાજને સાંભળવા અને વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટેનું એક સશક્ત માધ્યમ છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકારી નિર્ણયોનું ચુસ્ત પાલન થાય અને અરજદારોને ન્યાય મળે તે તમામ અધિકારીઓની પ્રાથમિક જવાબદારી છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીણા, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, પ્રાંત અધિકારીઓ, જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીઓ, મનપા, જિલ્લા પુરવઠા વિભાગ, સિટી સર્વે, શિક્ષણ વિભાગ અને પોલીસ અધિકારીઓ સહિત અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

**સુરત મહાનગરપાલિકામાં ભરતી**

## ૨,૭૦૦ બેઠકો માટે ૧.૫૫ લાખથી વધુ પરીક્ષાર્થીઓ નસીબ અજમાવશે, ૧૨ જુલાઈએ પરીક્ષાનું આયોજન



સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા લાંબા સમય બાદ આખરે વહીવટી તંત્રમાં ખાલી પડેલી વિવિધ કેડરની આશરે ૨,૭૦૦ જેટલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ મોટી ભરતીને લઈને સુરત મનપા પ્રશાસન અને સરકારી નોકરીની આશા રાખતા ઉમેદવારો બંનેમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મનપા દ્વારા આ ભરતી પ્રક્રિયા અંતર્ગત પ્રથમ તબક્કાની પરીક્ષાઓ આગામી ૧૨ જુલાઈ, રવિવારના રોજ યોજવાનું સત્તાવાર રીતે નક્કી કરવામાં આવ્યું છે.

આ મોટી ભરતી પ્રક્રિયાની જાહેરાત થતાં જ ઉમેદવારો તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. મનપાની વિવિધ ૨,૭૦૦ જગ્યાઓ માટે કુલ ૨ લાખથી પણ વધુ ફોર્મ ભરાયા હોવાનું સામે આવ્યું છે. આટલી મોટી સંખ્યામાં અરજીઓ આવતા વહીવટી તંત્ર માટે પરીક્ષાનું સફળ અને પારદર્શક આયોજન કરવું એક મોટો પડકાર બની ગયું છે. ઉમેદવારોની પરીક્ષાઓ એકબીજા સાથે ક્રોસ ન થાય અને કોઈ ગેરવ્યવસ્થા ઊભી ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા એક વિશેષ અને સુદ્રઢ આયોજન તૈયાર કરવામાં આવ્યું છે.

હાલની પ્રાથમિક રુપરેખા અને વહીવટી આયોજન મુજબ, સમગ્ર પરીક્ષા પ્રક્રિયાને બે અલગ-અલગ શિફ્ટમાં વહેંચી દેવામાં આવી છે. તમામ કેડરની પરીક્ષા માટે ૧૦૦ ગુણનું પ્રશ્નપત્ર રાખવામાં આવ્યું છે. પ્રથમ શિફ્ટમા માત્ર સૌથી વધુ ઉમેદવારો ધરાવતી 'ક્લાર્ક' કેડરની જ પરીક્ષા લેવામાં આવશે. જ્યારે બીજી શિફ્ટમાં 'સ્ટાફ નર્સ' અને 'ડ્રાઈવર' કેડરની પરીક્ષાઓ હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કાની આ પરીક્ષામાં કુલ અંદાજે ૧.૫૫ લાખ જેટલા ઉમેદવારો ભાગ લેવાના છે. મનપામાં ક્લાર્કની કુલ ૭૧૭ જગ્યાઓ બહાર પાડવામાં આવી છે. આ બેઠકો માટે સૌથી વધુ એટલે કે આશરે ૧.૧૫ લાખ ઉમેદવારો વચ્ચે સીધો જંગ જામશે.

સ્ટાફ નર્સની કુલ ૧૫૦ જગ્યાઓ માટે ભરતી થવાની છે, જેના માટે આશરે ૩૦ હજાર જેટલા ઉમેદવારો પોતાનું નસીબ અજમાવશે. ડ્રાઈવરની કુલ ૪૪૪ જગ્યાઓ માટે મનપા તંત્રને આશરે ૧૦ હજાર જેટલી અરજીઓ મળી છે, જે ઉમેદવારો આ શિફ્ટમાં પરીક્ષા આપશે.

**સુરત LCBએ કેબલ ચોરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો**

## સોલર પ્લાન્ટમાં ચોરી કરનાર ૩ આરોપીઓની ધરપકડ, લાખોનો મુદ્દામાલ જપ્ત




બારડોલી- સુરત ગ્રામ્ય એલ.સી.બી. એ સોલર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરતી આંતરરાજય ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી તેમની પાસેથી ચોરી કરેલો કોપરનો જથ્થો અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગેંગ ખેતરોમાં આવેલા સોલર પ્લાન્ટમાંથી કેબલ ચોરી કરી તેને સળગાવી તાંબુ કાઢી વેચતી હતી.

સુરત રેન્જ આઈ.જી. પ્રેમ વીર સિંહ અને સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમ કાર્યરત હતી. છેલ્લા કેટલાક સમયથી સુરત જિલ્લાના પાલોદ અને કોસંબા વિસ્તારમાં સોલર પ્લાન્ટમાંથી કેબલ ચોરીની ઘટનાઓ વધી હતી. આથી, એલ.સી.બી. પી.આઈ. એન.જી. પાંચાણીએ આ ગુનાઓ ઉકેલવા માટે વિશેષ ટીમો બનાવી હતી. પોલીસે મોટી નરોલી ગામે નેશનલ હાઈવે નંબર-૪૮ પર નાકાબંધી કરી હતી. આ દરમિયાન ઇકો કારને રોકવામાં આવી હતી. કારની તલાશી લેતા તેમાંથી ચોરી કરેલ કોપરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

## ૧૦ વેબસાઇટ પરથી સાબુ મંગાવ્યા, તમામે ડુપ્લિકેટ મોકલ્યો

### સુરતમાં વોશિંગ પાઉડર અને શેમ્પુ બાદ નકલી સાબુ પકડાયા, ઘરમાં જ ડુપ્લીકેટ સાબુ બનાવવાની ફેક્ટરી ચાલતી હતી



સુરત- સુરત શહેરમાં થોડા દિવસો પહેલા જ નકલી વોશિંગ પાઉડર અને શેમ્પુ બનાવવાનું ગોડાઉન ઝડપાયું હતું. ત્યારે સરથાણા વિસ્તારમાં બ્રાન્ડેડ કંપનીના લોગો અને ટ્રેડમાર્કનો દુરુપયોગ કરીને ડુપ્લીકેટ કોસ્મેટીક વસ્તુઓ બનાવવાનું એક મોટુંકૌભાંડ સરથાણા પોલીસે ઝડપી પાડ્યું છે. જાણીતી કંપની યામી ઘર શોપ પ્રા.લી. ના નામે નકલી સાબુ અને સ્ટીકરો લગાવીને વેચાણ કરતા એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે. ઘટનાસ્થળેથી સાબુ બનાવવાની પ્લેટો, ખાલી કવરો અને હજારોની સંખ્યામાં નકલી સ્ટીકરો મળી કુલ ૩૬,૬૭,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અલગ અલગ ૧૦ વેબસાઈટ પરથી ઓરીજનલ કંપનીના લોકોએ આ સાબુ મંગાવ્યા હતા તે તમામ પરથી નકલી સાબુ આવ્યા હતા.

## રેશન કાર્ડ ધારકો હવે ગમે તે રેશનની દુકાન પરથી અનાજ લઈ શકશે, લાંબી લાઈનોની ઝંઝટથી મુક્તિ




દેશમાં રેશન એટલે કે સસ્તું અનાજ લેવાની વ્યવસ્થાને સરળ બનાવવા માટે સરકાર સતત ડિજિટલ સુવિધાઓ પર કામ કરી રહી છે. તાજેતરમાં જ સરકારે એક એવી સુવિધાનો અમલ શરૂ કર્યો છે, જેના દ્વારા હવે રેશન કાર્ડ ધારકોએ એક જ રેશન દુકાન પરથી અનાજ લેવાની જરૂર નથી. હવે તમે તમારી સુવિધા મુજબ કોઈપણ રેશનની દુકાન પરથી અલગ-અલગ અનાજ લઈ શકો છો, એટલે કે હવે તમે ક્યાંકથી ઘઉં તો ક્યાંકથી ચોખા લઈ શકશો.

આ ફેરફારની સૌથી ખાસ વાત એ છે કે હવે તમારે રેશન લેવા માટે લાંબી લાઈનોમાં ઉભા રહેવાની, મશીનમાં અંગૂઠો ન લાગવાની કે દુકાનમાં અનાજ ઉપલબ્ધ ન હોવાને કારણે પૂરું રેશન ન મળવા જેવી મુશ્કેલીઓનો સામનો કરવો નહીં પડે. હવે જરૂરિયાત મુજબ, તમે કોઈ દુકાન પરથી ઘઉં અને કોઈ દુકાન પરથી ચોખા લઈ શકો છો. આ માહિતીની જાણકારી સોશિયલ મીડિયા પર કેન્દ્રીય રાજય મંત્રી બી. એલ. વર્માએ શેર કરી છે.

કેન્દ્રીય સરકારે જણાવ્યું છે કે સરકાર 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના હેઠળ રેશન વિતરણને સરળ બનાવવા માટે કામ કરી રહી છે. આ યોજના દ્વારા રેશન કાર્ડ ધારકો પોતાના રેશનનો અલગ-અલગ હિસ્સો પોતાની સુવિધા મુજબ અલગ-અલગ જગ્યાએથી લઈ શકે છે. દેશના કોઈપણ ભાગમાંથી તમે આ સુવિધા મેળવી શકો છો.

આ સુવિધા બિલકુલ એટીએમ ની જેમ કામ કરે છે. જેમ તમે તમારી જરૂરિયાત મુજબ કોઈપણ એટીએમમાંથી પૈસા ઉપાડી લો છો, તેવી જ રીતે રેશન લેવા માટે તમે દેશના કોઈપણ ખૂણેથી પોતાનું અનાજ મેળવી શકો છો.

## અયોધ્યા રામ મંદિરમાં વીઆઇપી દર્શનનો વિવાદ: નિયમો નેવે મૂકીને અપાતી હતી 'ખાસ' એન્ટ્રી?



અયોધ્યામાં બનેલું ભવ્ય રામ મંદિર વિશ્વભરના હિન્દુઓના આસ્થાનું કેન્દ્ર છે. દેશ-વિદેશમાંથી આવેલા લાખો ભક્તો રામ લલ્લાના દર્શન માટે કલાકો સુધી લાઇનમાં ઊભા રહે છે. પરંતુ, તાજેતરમાં જ રામ મંદિરના સંચાલન અને દર્શન વ્યવસ્થાને લઈને કેટલાક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે, જેણે ભક્તો અને પ્રશાસનમાં ખળભળાટ મચાવી દીધો છે. મંદિરમાં VIP દર્શનના નામે ચાલતી કથિત ગેરરીતિઓ અને રસીદ વિના લેવાતા દાનના આરોપોએ મોટો વિવાદ જગાવ્યો છે.

નિયમો અનુસાર, અયોધ્યા રામ મંદિરમાં સત્તાવાર રીતે કોઈ પેઇડ (પૈસા આપીને) VIP દર્શનની સુવિધા નથી. જોકે, સ્થાનિક વહીવટીતંત્ર, પોલીસ, મંદિર ટ્રસ્ટ કે વિશિષ્ટ મહેમાનો માટે 'પ્રોટોકોલ દર્શન'ની વ્યવસ્થા જરૂર છે, જેના માટે દર્શનના ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલાં એક ખાસ ફોર્મ ભરીને સત્તાવાર નોંધણી કરાવવી ફરજિયાત છે. પરંતુ આરોપ છે કે, રામ મંદિરના સંચાલનમાં સામેલ ટ્રસ્ટના નજીકના લોકો અને ટીનુ યાદવ જેવા ખાનગી કર્મચારીઓએ પોતાની સત્તાનો દુરુપયોગ કરીને આ નિયમોને હવામાં ઉડાવી દીધા હતા. તેઓ કોઈપણ સત્તાવાર ફોર્મ કે રસીદ વિના જ પોતાના પરિચિતોને VIP દર્શન કરાવી રહ્યા હતા.

રામ મંદિર પરિસરમાં સ્થાનિક પોલીસ, PAC, SSF, CRPF અને NSG કમાન્ડો સહિત બે ખાનગી કંપનીઓના સુરક્ષા ગાર્ડ તૈનાત છે. સુરક્ષાની આવી અભેદ વ્યવસ્થા હોવા છતાં, ટ્રસ્ટના વગદાર લોકોના માત્ર એક ઇશારે કોઈપણ સામાન્ય વ્યક્તિ ખાસ મહેમાન બનીને અંદર પ્રવેશી શકતો હતો. સુરક્ષા કર્મચારીઓ પણ દબાણમાં હોવાથી માત્ર શારીરિક તપાસ કરીને આવા લોકોને એન્ટ્રી આપી દેતા હતા. આના કારણે મંદિરમાં એક આખી અલગ પ્રકારની 'દર્શન ઈકોસિસ્ટમ' ઊભી થઈ ગઈ હતી, જ્યાં નિયમો માત્ર સામાન્ય ભક્તો માટે જ રહી ગયા હતા.

આ વિવાદ માત્ર વીઆઇપી એન્ટ્રી પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં દાન અને પ્રસાદની કથિત ચોરીના ગંભીર આરોપો પણ જોડાયા છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બૌધાન ફાટા પાસે તડકેશ્વર પોલીસે ફિલ્મી ઢબે બેને દબોચી લીધા

## માંડવીમાં પીકઅપમાં ચોરખાનું બનાવી લવાતો રૂ.૨.૭૫ લાખનો દારૂ ઝડપાયો

માંડવી- માંડવી તાલુકાના અરેઠ ગામેથી પસાર થતા કિમ-માંડવી રોડ પર તડકેશ્વર પોલીસે બાતમીના આધારે ફિલ્મી ઢબે રનિંગ રેડ કરીને વિદેશી દારૂની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. આરોપીઓ ટેમ્પોમાં ચોરખાનું બનાવીને દારૂ ઘુસાડી રહ્યા હતા, જેનો પોલીસે પર્દાફાશ કર્યો છે.

તડકેશ્વર પોલીસ સ્ટેશનના અ.પો.કો. પ્રકાશભાઈ ધીરુભાઈ પાટડિયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ગત તારીખ ૧૯ જૂનની સાંજે અરેઠ ગામના બૌધાન ફાટા ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન માંડવીથી કિમ તરફ જતા એક સફેદ કલરના નંબર પ્લેટ વગરના મહિન્દ્રા બોલેરો પીકઅપ ટેમ્પોને અટકાવી તલાશી લેવામાં આવી હતી.

તપાસ દરમિયાન કેબિનની પાછળના ભાગે બનાવેલા ચોરખાનામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો અને બીયરના ટીન મળી કુલ ૧૧૭૬ નંગ દારૂનો જથ્થો (કિંમત રૂ.૨,૭૫,૦૪૦) મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી સુજીતકુમાર બિરબલ યાદવ (રહે. નાસિક, મૂળ ઉત્તરપ્રદેશ) અને પ્રદીપ પ્રેમબહાદુર સિંગ (રહે. થાણે, મૂળ ઉત્તરપ્રદેશ) ની ધરપકડ કરી હતી. રામલાલ ગુર્જરને વોન્ટેડ જાહેર કરાયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ દારૂનો જથ્થો તારાબાદ (મહારાષ્ટ્ર) થી કિમ તરફ લાવવામાં આવી રહ્યો હતો. આ દારૂનો જથ્થો ભરી મોકલનાર રામલાલ ગુર્જર હોવાનું સામે આવ્યું છે, જેના નામે પોલીસે ગુનો નોંધી તેને વોન્ટેડ જાહેર કર્યો છે. ગુનેગારો પાસેથી દારૂ, ૧૧૭૬ નંગ (કિં. રૂ.૨,૭૫,૦૪૦) તથા પીકઅપ (કિં. રૂ.૫,૦૦,૦૦૦) અને મોબાઈલ ફોન:(કિં.રૂ.૫,૦૦૦) મળી કુલ રૂ.૭,૮૦,૦૪૦ નો મુદ્દામાલ જપ્ત લીધો હતો.

### પલસાણામાં હૃદયદ્રાવક અકસ્માત

## હાઇવે ક્રોસ કરતી વેળા વાહને ટક્કર મારતા યુવકનું માથું ધડથી અલગ થયું


બારડોલી- પલસાણામાં કમકમાટી ભર્યા અકસ્માતમાં હાઇવે ક્રોસ કરતો યુવક વાહન અડફેટે આવી જતાં ગળું શરીરથી અલગ થઈ ગયું હતું. જેને લઇ જીવ ગુમાવ્યો હતો

મુંબઈની સિદ્ધ કલા એન્જિનિયરિંગ કંપનીને પલસાણાની સ્પેક્ટ્રમ કંપનીમાં લોખંડના રેન્ક બનાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હોવાથી છેલ્લા ૧૦ દિવસથી ટીમ અહીં આવી હતી. ૨૧ જૂનની સાંજે કામ પૂરું કરી ટીમ હોટેલમાં જમવા નીકળી હતી. પરંતુ તેમાંથી સભાજીતે હોટેલ પર જમવા આવવાની ના પાડી હતી અને પોતાનું પાર્સલ રૂમ પર લઈ આવવા જણાવ્યું હતું.

વિનયભાઈ અને અન્ય મિત્રો રૂમ પર પહોચ્યા ત્યારે સભાજીત હાજર નહોતા. ફોન પર વાતચીત દરમિયાન સભાજીતે ૧૫-૨૦ મિનિટમાં આવવાનું કહ્યું હતું, પરંતુ લાંબા સમય સુધી ન આવતા અને ફોન ન ઉપાડતા વિનયભાઈએ તેમની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાત્રે અકસ્માતની જાણ થતાં સહકર્મી વિનયભાઇ હોસ્પિટલ પહોચ્યા ત્યારે જાણવા મળ્યું કે અકસ્માત એટલો ગંભીર હતો કે સભાજીતનું ગળું શરીરથી તદ્દન અલગ થઈ ગયું હતું. અકસ્માત સર્જીને અજાણ્યો વાહન ચાલક પોતાની ગાડી લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. ઘટના અંગે પલસાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૬૫ મો આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું





બારડોલી શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ , શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૨૩/૦૬/૨૦૨૬ ને મંગલવાર ના રોજ ૭૬૫ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે નીઃશુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન ( નારાયણ સેવા ) સ્વ. સુધાબેન ઈશ્વરભાઈ પટેલ ના સ્મરનાર્થે હસ્તક :- ઈશ્વરભાઈ પરભુભાઈ પટેલ તથા પરિવાર મુ. પો. જોખા તરફ થી કરાવવામાં આવ્યું.

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ , દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. બધી જ સારવાર એકદમ ફ્રી માં કરવામાં આવે છે. જરૂરિયાત મંદ લોકો ને લાભ લેવા વિનંતિ.

## સુરત ગ્રામ્ય પોલીસે ૨૨૨ ગુમ મોબાઈલ પરત કર્યાઃ માલિકોને રૂ. ૪૨.૮૪ લાખના ફોન 'તેરા તુજકો અર્પણ' હેઠળ સોપાયા




બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે 'તેરા તુજકો અર્પણ' થીમ હેઠળ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ચોરી થયેલા અથવા ગુમ થયેલા કુલ ૨૨૨ મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા હતા. આ ફોનની કુલ કિંમત રૂ.૪૨,૮૪,૯૧૭ આંકવામાં આવી છે.

આ કાર્યક્રમ સુરત ગ્રામ્ય જિલ્લાના કામરેજ તાલુકાના વાવ ગામ સ્થિત શ્રી વશિષ્ઠ વિદ્યાલય ખાતે યોજાયો હતો. સુરત વિભાગના રેન્જ IGP પ્રેમ વીર સિંહની અધ્યક્ષતામાં અને સુરત ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ગુજરાત પોલીસની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને તેમની ગુમ થયેલી વસ્તુઓ પરત અપાવીને પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધારવાનો છે. સુરત ગ્રામ્ય જિલ્લાની LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટેકનિકલ ટીમ અને સ્થાનિક પોલીસ દ્વારા CEIR (Central Equipment Identity Register) પોર્ટલનો ઉપયોગ કરીને આ મોબાઈલ ફોન ઓળખી કાઢવામાં આવ્યા હતા અને તેમને સફળતાપૂર્વક રિકવર કરવામાં આવ્યા હતા.

સુરત ગ્રામ્ય પોલીસે ૧૬ વિવિધ પોલીસ સ્ટેશનોમાંથી ગુમ થયેલા મોબાઈલ ફોન રિકવર કર્યા હતા. જેમાં ઓલપાડમાંથી ૫૫ મોબાઈલ (રૂ.૧૨,૪૧,૪૮૪), કામરેજમાંથી ૩૭ (રૂ.૬,૬૫,૫૦૦), પલસાણામાંથી ૩૩ (રૂ.૪,૮૫,૫૦૦), કડોદરામાંથી ૨૫ (રૂ.૪,૮૨,૫૦૦), કીમમાંથી ૧૭ (રૂ.૩,૪૧,૯૪૫), કોસંબામાંથી ૧૨ (૧,૯૮,૬૨૦), મહુવામાંથી ૯ (૨,૦૭,૯૭૭), બારડોલી ટાઉનમાંથી ૭ (રૂ.૧,૬૯,૯૯૮), પાલોદમાંથી ૬ (રૂ.૧,૨૪,૯૯૭), ઉમરપાડામાંથી ૪ (રૂ.૭૧,૮૯૯), ઝંખવાવમાંથી ૪ (રૂ.૪૫,૦૦૦), તડકેશ્વરમાંથી ૩ (રૂ.૬૫,૯૯૯), બારડોલી રૂરલમાંથી ૩ (રૂ.૫૧,૪૯૯), અનાવલમાંથી ૩ (રૂ.૪૫,૦૦૦), માંડવીમાંથી ૩ (રૂ.૫૮,૦૦૦) અને માંગરોળમાંથી ૧ મોબાઈલ (રૂ.૨૮,૯૯૯) નો સમાવેશ થાય છે. માંગરોળના ધોળીકુઇ ગામે એક ગમખ્વાર અકસ્માતમાં ૨૨ વર્ષીય બાઇક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. રોંગ સાઇડ પર પૂરપાટ ઝડપે આવી રહેલી પીકઅપ વાને બાઇકને ટક્કર મારતા આ દુર્ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત જિલ્લાના માંડવી તાલુકાના તરસાડા ગામના રહેવાસી સાહીલભાઇ સુકાભાઇ રાઠોડ (ઉંમર ૨૨) પોતાની સ્પ્લેન્ડર બાઇક (નં. જીજે-૧૯-બીએન-૨૨૪૮) પર માંગરોળના ધોળીકુઇ ગામના પાટિયા પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે જ સમયે, રોંગ સાઇડ પરથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી પીકઅપ વાન (નં. જીજે-૧૯-ઝેડ-૨૬૭૨) ના ચાલકે સાહીલભાઇની બાઇકને અડફેટમાં લીધી હતી.

આ ભયાવહ અકસ્માતમાં સાહીલભાઇને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ઘટનાની જાણ થતા માંગરોળ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે કસૂરવાર પીકઅપ ચાલક મયુરભાઇ બચુભાઇ હળપતી (રહે. ઘોડસંબા ગામ, જૂનું ફળિયું, તા. માંડવી, જિ. સુરત) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## વારંવાર ખેતરોમાં આવી કામ અટકાવી દેતા હોવાની રાવઃવન વિભાગના અધિકારીઓ ખેતીમાં અવરોધ ઉભો કરતા હોવાનો આક્ષેપ



માંડવી- સુરતના ઉમરપાડા તાલુકાના આદિવાસી ખેડૂતો દ્વારા માંડવી સ્થીત પ્રાયોજના વહીવટદાર આદિજાતિ વિભાગ કચેરીના પ્રાંગણમાં બેસી વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં સાગબારા (નર્મદા) તાલુકાના ખેડૂતો પણ જોડાયા હતા. જેમાં ખેડૂતો દ્વારા વન વિભાગના અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કરાયા છે.


ખેડૂતોએ કરેલા આક્ષેપો મુજબ તેઓ વર્ષોથી જંગલ જમીન પર ખેતી કરીને પોતાની આજીવિકા ચલાવી રહ્યા છે, છતાં વન વિભાગના કેટલાક અધિકારીઓ દ્વારા તેમને ખેતી કાર્યમાં અવરોધ ઉભો કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર વડપાડા રેન્જમાં ફરજ બજાવતા વન વિભાગના અધિકારીઓ, બીટ ગાર્ડ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસર દ્વારા વારંવાર ખેતરોમાં જઈ ખેતી અટકાવવામાં આવે છે અને બિનકાયદેસર રીતે દબાણ ઉભું કરવામાં આવે છે.

ખેડૂતોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ મળતા અધિકારો હોવા છતાં તેમને તેમના પરંપરાગત જમીન અધિકારોનો લાભ મળતો નથી. તેમજ સરકાર તથા હાઈકોર્ટના વિવિધ આદેશોનો યોગ્ય અમલ કરવામાં આવતો નથી.

તેમજ ખોટા કેસોમાં ફસાવવાની ચેતવણીઓ આપવામાં આવે છે. ખેડૂતોએ માંગ કરી છે કે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને તેઓને શાંતિપૂર્વક ખેતી કરવાની મંજૂરી આપવામાં આવે.

અમે ઉકાઈ વિસ્થાપિતો છે બાપદાદાના સમયથી ખેતી કરીએ છીએ છેલ્લા દોઢ એક વર્ષથી ખેતી કરતા વનવિભાગના કર્મીઓ દ્વારા અટકાવવામાં આવે છે ગયા વર્ષે ઉભો પાક નષ્ટ કરી દેવામાં આવ્યો હતો આ વર્ષ ફરી પ્લાન્ટેશન કરવામાં આવ્યું છે પ્રાયોજના અધિકારીઓને દાવાઓ અંગે રજુઆત છતાં ખેડાણ માટે ઘર્ષણમાં ઉતરવું પડે છે જેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તેવી માગ છે.

**અમે ઉકાઈ વિસ્થાપિતો છે બાપદાદાના સમયથી ખેતી કરીએ છીએ છેલ્લા દોઢ એક વર્ષથી ખેતી કરતા વનવિભાગના કર્મીઓ દ્વારા અટકાવવામાં આવે**

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...

મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી

બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)